# ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ

## પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ

રજી. અને કોર્પોરેટ ઓફિસ, નાના મવા મેઇન રોડ, લક્ષ્મીનગર, રાજકોટ – ૩૬૦ ૦૦૪

CIN: U40102GJ2003SGC042908;

ફોન નંબર : (૦૨૮૧) ૨૩૮૦૪૨૫, ૨૩૮૦૪૨૭; ફેક્સ : ૨૩૮૦૪૨૮;

ઈ-મેલ : forum.pgvcl@gebmail.com; વેબસાઈટ : www.pgvcl.com


પીજીવીસીએલ/સીજીઆરએફ/૧૦/ક્વા-૦૨/૨૦૨૨-૨૩/ ૬૮૭૪-૧ | તારીખ : ૧૧ - ૧૦ - ૨૦૨૨

<u>રજી. એડી. પત્ર</u>

પ્રતિ,
ક્યુસીનેક ન્યુટ્રીશન પ્રા. લિ.
કોસ્મોપ્લેક્સ સિનેમા સામે, કાલાવડ રોડ,
મું. પો. : રાજકોટ, તા. : રાજકોટ, જી. : રજકોટ,
પીન કોડ. : ૩૬૦૦૦૫
મોબાઈલ : ૭૨૭૨૮૭૨૭૨૭

વિષય : અમારા વીજબિલમાં વીજકરની વસુલાત બાબત.

સંદર્ભ: આપશ્રીની રજુઆત પત્ર નંબર : Nil, તા. ૦૧-૦૯-૨૦૨૨.
( અત્રેના ફોરમની નોંધણી નંબર : ૧૦/ક્વા-૦૨/૨૦૨૨-૨૩ )

મહોદયશ્રી,

આપશ્રી દ્વારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ સમક્ષ કરવામાં આવેલ અરજીના ચુકાદાની પ્રમાણિત નકલ આ સાથે સામેલ છે.

જે આપશ્રીને સુવિદિત થાય, આપના સહકાર સહ, આભાર સહ.

આપનો વિશ્વાસુ,

( સી. જે. ગજેરા )
કા.વા. કન્વીનર
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લી., રાજકોટ

બિડાણ : ઉપર મુજબ.

નકલ સાદર રવાના :

(૧) અધિક્ષક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વર્તુળ કચેરી, રાજકોટ શહેર.

(૨) કાર્યપાલક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વિભાગીય કચેરી, રાજકોટ શહેર-૩.

સદર નિર્ણયપત્રની નકલ આપશ્રીને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નામદાર ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ ( ગ્રાહક તકરાર નિવારણ ફોરમ અને લોકપાલ ) વિનિયમો-૨૦૧૧, જાહેરનામા નં.- ૦૨/૨૦૧૯ ની વિનિયમ નં.- ૨.૫૪ અનુસાર, સદર હુકમના પાલન અંગે થયેલ કાર્યવાહીનો અહેવાલ અત્રેની ફોરમ કચેરીને અચૂક મોકલી આપવા વિનંતી.

# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ,રાજકોટ

પી.જી.વી.સી.એલ. રજી. અને કોર્પોરેટ કચેરી, લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com

e-mail:forum.pgvcl@gebmail.com

પી.જી.વી.સી.એલ./સીજીઆરએફ/૧૦/ક્વા-૨/૨૨-૨૩/૬૮૪-૨ તા.૨૧-૧૦-૨૦૨૨

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં.૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં.૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ (CGRF) પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ, રાજકોટ સમક્ષ નોંધાયેલ ફરિયાદ.

**Case No.PG-૧૦/ક્વા-૨/૨૨-૨૩**

અરજદાર : ક્યુસીનેક ન્યુટ્રીશન પ્રા. લી. ગામ: રાજકોટ

રજૂઆત કરનાર : અરજદાર વતી તેમના પ્રતિનિધિ તરીકે અનંત જી. તેજુરા હાજર રહેલ છે.

## :: વિરુધ્ધ ::

સામાવાળા : કાર્યક્ષેત્ર : પી.જી.વી.સી.એલ., શહેર વિભાગીય કચેરી –૩ રાજકોટ

રજૂઆત કરનાર : શ્રી એમ.આર.માકડિયા, પી.જી.વી.સી.એલ., શહેર વિભાગીય કચેરી -૩ રાજકોટ હાજર રહેલ હતા.

## :: કોરમ ::

૧) ચેરપર્સન - શ્રી એન.સી. મકવાણા

૨) સભ્ય (ટેકનીકલ) - શ્રી એન. જી. કારિયા

૩) સભ્ય (સ્વતંત્ર) - શ્રીમતી નીતીનાબેન એચ. જોષી

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

સુનાવણી સ્થળ : કોન્ફરન્સ હોલ, પીજીવીસીએલ, શહેર વર્તુળ કચેરી, રાજકોટ

તારીખ : ૨૮.૦૯.૨૦૨૨ (બુધવાર)

૧.૦ સદર કેસની સુનાવણી તા.૨૮.૦૯.૨૦૨૨ (બુધવાર) ના રોજ રાખવામાં આવેલ હતી, જેમાં ઉપર મુજબના પક્ષકારો હાજર રહેલ હતા.

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ અરજદાર રજુઆતમાં જણાવે છે કે તેઓ ક્યુસીનેક ન્યુટ્રીશન પ્રા.લી. ના નામે તા.૧૦.૦૫.૨૦૧૯ ના રોજથી ગ્રાહક નં. ૨૮૯૩૭ થી ૨૦૦ કેવીએનું હોટલ ઉદ્યોગ માટેનું એચ.ટી. વીજજોડાણ ધરાવે છે. હોટલ અને રેસ્ટોરન્ટના વીજબિલોમાં ઈલેક્ટ્રીસીટી ડ્યુટી અંગે ડ્યૂટી કલેકટરશ્રીનો સ્પષ્ટ આદેશ છે કે હોટલ અને રેસ્ટોરેન્ટના એચ.ટી. બિલોમાં 15% વીજકર વસૂલ કરવો છતા અરજદાર પાસેથી 25% અને 20% વીજકરની આકારણી કરીને નિયમોનુસાર વીજબીલ બનાવવામા આવતા નથી, જે બાબતે અરજદાર દ્વારા કાર્યપાલક ઇજનેરને રૂબરૂ રજૂઆત કરેલ. તદુપરાંત અરજદાર દ્વારા તા.૦૧.૦૭.૨૦૨૨, તા.૨૨.૦૭.૨૦૨૨ તથા તા.૦૪.૦૮.૨૦૨૨ ના રોજ લેખિત રજૂઆત પણ કરેલ. સદર રજૂઆતોના અંતે અરજદારને વીજકર 20% માંથી 15% કરી આપેલ છે, પરંતુ રિફંડની કોઈ કાર્યવાહી કરવામાં આવેલ નથી. સદર બાબતે અરજદારની વિસ્તૃત ફરિયાદ નીચે મુજબ છે.

- અરજદારે સદર વીજજોડાણની માંગણી કરેલ ત્યારે જરૂરી દસ્તાવેજો જોડેલ હતા, તદુપરાંત આ વીજજોડાણ કાર્યપાલક ઇજનેરની હાજરીમાં ચાલુ કરવામાં આવ્યું ત્યારે પણ તેઓએ ફરજના ભાગરૂપે અમારા વીજજોડાણનો હેતુ તપાસેલ. અરજદારનું વીજજોડાણ તા.૧૦.૦૫.૨૦૧૯ રોજ ચાલુ કરવામાં આવેલ તે પહેલા જ એટલેકે એપ્રીલ-૨૦૧૬ થી હોટેલ ઉદ્યોગમાં વીજકર ૧૫% લગાડવો તેવો આદેશ હતો. તેમ છતાં પીજીવીસીએલ દ્વારા અમારા વિજબીલોમાં વીજજોડાણ ચાલુ થયેથી મે-૨૦૨૦ સુધી વીજકર ૨૫% મુજબ આકારેલ અને જુન-૨૦૨૦ થી વીજકર ૨૦% આકારેલ છે, જે પણ એપ્રિલ-૨૦૨૦થી આકારવાનો થાય. આમ તેમાં પણ પીજીવીસીએલ દ્વારા યોગ્ય બિલીંગ કરવામાં આવેલ નથી.
- વધુમાં પીજીવીસીએલ જાણે છે કે હોટલ ઉદ્યોગમાં 15% વીજકર લેવાનો હોય છે. જુલાઈ-૨૦૨૨ થી વીજકર ૧૫% લેખે લેવામાં આવશે તેવું તેઓના પત્ર નં.આરસીડી-૩/એચ.ટી./૫૭૯૮, તા.૨૨.૦૮.૨૦૨૨ થી પણ અરજદારને જણાવેલ છે. તથા અરજદારે તા.૦૪.૦૮.૨૦૨૨ની અરજીથી ખોટી વસુલેલ રકમની માંગણી કરેલ અને સાથે સી.જી.આર.એફના ગૌતમ ઇન્ડસ્ટ્રીઝના કેસમાં આપવામાં આવેલ ચુકાદાનો ઉલ્લેખ કરેલ. જેનો અભ્યાસ કર્યા વિના "લાગુ પડતું નથી" એવો ઉડાઉ જવાબ આપેલ છે. તદુપરાંત પીજીવીસીએલ દ્વારા વિદ્યુત શુલ્ક સમાહર્તાની કચેરી સાથેની મીટીંગની કાર્યવાહીની નોંધનો ઉલ્લેખ કરેલ છે. અને તેના પારા નં.-૪ મુજબ "પાછલી રકમ રીફંડ આપી શકાય નહી" તેવું જણાવે છે, પરંતુ આજ કાર્યવાહીની નોંધના પારા નં.-૯ મુજબ પાછલી વસુલાત બાકી હોય તો તાત્કાલિક કાર્યવાહી કરવી તેવું જણાવેલ છે. આમ કલેક્ટર ઓફ ડ્યૂટીની બેવડી નીતિ ચાલી ના શકે. વધુમાં પાછલી વસુલાત કરવાની સતા છે પણ વધુ વસુલેલ રકમ પરત કરવાની સતા નથી તેવી વાત સત્યથી વેગળી છે, આ તો "તારુ મારુ સહીયારુ અને મારુ મારા બાપનું" જેવી વાત થઈ, કાયદાની જોગવાય મુજબ આવી નીતિ ચાલી ન શકે.
- વિશેષ પત્રનં. આરસીડી-૩/એચ.ટી./૫૭૯૮, તા.૨૨.૦૮.૨૦૨૨ થી પીજીવીસીએલ જુલાઈ-૨૦૨૨ થી તેમના દ્વારા થયેલ ભૂલ સુધારી 15% કરી આપેલ છે તેમજ સૈદ્ધાંતિક રીતે સ્વીકારે છે કે સદર કનેકશનમાં પણ વીજકર ૧૫% જ લેવા પાત્ર છે. તેમ છતાં ખોટી રીતે વસૂલેલ રકમ પરત કરવા એક યા બીજા કારણો દર્શાવી જવાબદારીમાંથી છટકવાનો પ્રયત્ન કરેલ છે. વધુમાં જે ભૂલ પીજીવીસીએલ દ્વારા થઇ છે તેનો ભોગ અરજદાર બને તે ન્યાયના હિતની વિરુધ્ધ છે.
- અરજદાર દ્વારા તા.૧૦.૦૫.૨૦૧૯ થી જુન-૨૦૨૨ સુધીમાં વસુલ કરેલ વધારાના વિધુત શુલ્કની રકમનું ગણતરીપત્રક સામેલ કરેલ છે જે મુજબ તેઓને રૂ.૫,૬૫,૮૫૦.૬૮ રીફંડ મળવાપાત્ર છે જે સદર રકમ વીજળી અધિનિયમ ૨૦૦૩ ની કલમ નં.૬૨(૬) મુજબ વ્યાજ સહીત પરત કરવા અરજદારની રજૂઆત છે.

**ED Refund Calculation Sheet Cusinec Nutrition P.L.**

| Month | %ED | ED Amount recovered | Chargeable % of ED | Actual Chargeable Amount | Refundable Amount |
|---|---|---|---|---|---|
| Jun-19 | 25 | 37686.86 | 15 | 22612.12 | 15074.74 |
| Jul-19 | 25 | 80919.25 | 15 | 48551.55 | 32367.70 |
| Aug-19 | 25 | 73615.81 | 15 | 44169.49 | 29446.32 |
| Sep-19 | 25 | 74409.20 | 15 | 44645.52 | 29763.68 |
| Oct-19 | 25 | 74673.60 | 15 | 44804.16 | 29869.44 |
| Nov-19 | 25 | 70628.57 | 15 | 42377.14 | 28251.43 |
| Dec-19 | 25 | 58000.06 | 15 | 34800.04 | 23200.02 |
| Jan-20 | 25 | 47644.37 | 15 | 28586.62 | 19057.75 |
| Feb-20 | 25 | 49661.51 | 15 | 29796.91 | 19864.60 |
| Mar-20 | 25 | 50048.01 | 15 | 30028.81 | 20019.20 |
| Apr-20 | 25 | 16365.00 | 15 | 9819.00 | 6546.00 |
| May-20 | 25 | 17289.36 | 15 | 10373.62 | 6915.74 |
| Jun-20 | 20 | 30570.94 | 15 | 22928.21 | 7642.74 |

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

| | | | | | |
|---|---|---|---|---|---|
| Jul-20 | 20 | 46142.49 | 15 | 34606.87 | 11535.62 |
| Aug-20 | 20 | 39952.56 | 15 | 29964.42 | 9988.14 |
| Sep-20 | 20 | 41327.45 | 15 | 30995.59 | 10331.86 |
| Oct-20 | 20 | 43628.13 | 15 | 32721.10 | 10907.03 |
| Nov-20 | 20 | 53474.04 | 15 | 40105.53 | 13368.51 |
| Dec-20 | 20 | 44102.69 | 15 | 33077.02 | 11025.67 |
| Jan-21 | 20 | 32043.97 | 15 | 24032.98 | 8010.99 |
| Feb-21 | 20 | 40349.29 | 15 | 30261.97 | 10087.32 |
| Mar-21 | 20 | 43814.27 | 15 | 32860.70 | 10953.57 |
| Apr-21 | 20 | 44808.36 | 15 | 33606.27 | 11202.09 |
| May-21 | 20 | 25386.19 | 15 | 19039.64 | 6346.55 |
| Jun-21 | 20 | 40638.55 | 15 | 30478.91 | 10159.64 |
| Jul-21 | 20 | 62712.47 | 15 | 47034.35 | 15678.12 |
| Aug-21 | 20 | 54830.75 | 15 | 41123.06 | 13707.69 |
| Sep-21 | 20 | 51190.49 | 15 | 38392.87 | 12797.62 |
| Oct-21 | 20 | 55707.90 | 15 | 41780.93 | 13926.98 |
| Nov-21 | 20 | 53349.77 | 15 | 40012.33 | 13337.44 |
| Dec-21 | 20 | 56657.16 | 15 | 42492.87 | 14164.29 |
| Jan-22 | 20 | 42227.00 | 15 | 31670.25 | 10556.75 |
| Feb-22 | 20 | 46986.37 | 15 | 35239.78 | 11746.59 |
| Mar-22 | 20 | 51065.09 | 15 | 38298.82 | 12766.27 |
| Apr-22 | 20 | 66833.94 | 15 | 50125.46 | 16708.49 |
| May-22 | 20 | 72831.20 | 15 | 54623.40 | 18207.80 |
| Jun-22 | 20 | 81265.10 | 15 | 60948.83 | 20316.28 |
| | | | | | 565850.68 |

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

આમ, અરજદાર દ્વારા ઉપરોક્ત બન્ને રકમ મજરે મેળવવા માટે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજૂઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

૩.૦ અરજદારની ફરિયાદ અન્વયે પી.જી.વી.સી.એલ. પક્ષકાર તરફથી જણાવેલ છે કે એચ.ટી. ગ્રાહક નં.૨૮૯૩૭ ક્યુસીનેશ ન્યુટ્રીશન પ્રા.લી. દ્વારા વીજકરની વસુલાત બાબતે રજૂઆત કરેલ છે. સદર ગ્રાહકનું વીજ કનેક્શન તા.૧૦.૦૫.૨૦૧૯ થી રીલીઝ કરવામાં આવેલ હતું. ત્યારે તેઓને હોટલના હેતુ માટે કનેક્શન આપવામાં આવેલ અને જયારે કનેકશનની માંગણી કરવામાં આવેલ ત્યારે હોટલના હેતુ માટે તેઓ તરફથી તેઓના એકમનું ફૂડ & ડ્રગ્સ ઓથોરીટી અને પોલીસ ઓથોરીટી તરફથી અથવા ગવર્મેન્ટ ઓથોરીટી તરફથી કોઈ લાઇસન્સ આપવામાં આવેલ કે રજુ કરાયેલ નથી કે કોઈ અરજી પણ કરેલ ન હોવાથી સદર ગ્રાહકને ઈલેક્ટ્રીસીટી ડ્યુટી માફીનો લાભ આપવામાં આવેલ નથી. જેથી તેઓના બીલ માં ૨૦% ઈલેક્ટ્રીસીટી ડ્યુટી લેવામાં આવેલ હતી ત્યારબાદ તેઓ દ્વારા તા.૦૧.૦૭.૨૦૨૨ ના રોજ ફૂડ એન્ડ ડ્રગ્સ કંટ્રોલ એડમિનિસ્ટ્રેશન અને ફૂડ સેફટી એન્ડ સ્ટાન્ડડ ઓથોરીટી ઓફ ઇન્ડિયાનું લાઇસન્સ રજુ કરતા તેઓના વીજબીલ માં જુલાઈ-૨૦૨૨ થી ઈલેક્ટ્રીસીટી ડ્યુટી ૨૦% ના બદલે ૧૫% લેવામાં આવેલ છે.

૩.૧ ફરિયાદીની રજૂઆત મુજબ કનેક્શન જુન-૨૦૧૯ થી રીલીઝ કરેલ છે ત્યારથી ઈલેક્ટ્રીસીટી ડ્યુટીના તફાવતની રકમ જમા આપવાની માંગણી કરેલ છે તે બાબતે જણાવવાનું કે વિદ્યુત શુલ્ક સમાહર્તાની કચેરી -ગાંધીનગરની ગાઈડલાઈન મુજબ અગાઉ આકારાયેલ ઈલેક્ટ્રીસીટી ડ્યુટી માફી અપાયેલ નથી અને વિદ્યુત શુલ્ક સમાહર્તાની કચેરી-ગાંધીનગર દ્વારા અપાયેલ માર્ગદર્શન અને સુધારા બાબતના પત્ર નં.ડી/સચન/પીજીવીસીએલ/૨૦૧૯/૨૮૮૮૩ તા.૧૩.૧૨.૨૦૧૯ ની નકલ ફોરમ સમક્ષ રજુ કરેલ છે, જેના પારા નં. ૪ માં દર્શાવ્યા મુજબ પાછલું વીજકર રીફંડ આપવાનું થતું નથી.

## ::હુકમ::

૪.૦ અરજદારે કરેલ લેખિત તેમજ મૌખિક રજૂઆત તથા સામાવાળાની લેખિત તેમજ મૌખિક રજૂઆત અને રજુ કરાયેલા દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ દ્વારા નીચે મુજબનો નિર્ણય કરાયેલ છે.

૪.૧ અરજદાર ક્યુસીનેક ન્યુટ્રીશન પ્રા.લી. ના નામે તા.૧૦.૦૫.૨૦૧૯ ના રોજથી ગ્રાહક નં. ૨૮૯૩૭ થી ૨૦૦ કેવીએનું હોટલ ઉદ્યોગ માટેનું એચ.ટી. વીજજોડાણ ધરાવે છે.

૪.૨ અરજદારની ફરિયાદ મુજબ તેઓ દ્વારા સદર વીજજોડાણ માંગેલ ત્યારે જરૂરી દસ્તાવેજો રજુ કરાયેલ હોવા છતાં હોટલ ઉદ્યોગ અન્વયે બિલોમાં 15% વીજકર વસૂલ કરવો જોઈતો હતો તેને બદલે માહે જુન-૨૦૧૯ થી મે-૨૦૨૦ સુધી વીજકર 25% અને જુન-૨૦૨૦ થી જુન-૨૦૨૨ દરમ્યાન 20% વીજકરની આકારણી કરીને નિયમોનુસાર વીજબીલ બનાવવામા આવેલ ન હોવાથી નિયમ મુજબ ૧૫% મુજબજ વીજકરની આકારણી કરીને વસુલ કરેલ રકમ (રૂ.૫,૬૫,૮૫૦/૬૮) વ્યાજ સહીત પરત કરવા ફોરમ સમક્ષ રજૂઆત કરેલ છે.

૪.3 પીજીવીસીએલ પક્ષકારની રજૂઆત મુજબ સદર ગ્રાહકનું વીજજોડાણ તા.૧૦.૦૫.૨૦૧૯ થી એચ.ટી. ગ્રાહક નં ૨૮૯૩૭ થી ક્યુસીનેક ન્યુટ્રીશન પ્રા.લી. ના નામે રીલીંઝ કરાયલ હતું. સદર વીજજોડાણમાં હોટલ હેતુ માટે અરજદાર તરફથી તેઓના એકમનું ફૂડ એન્ડ ડ્રગ્સ ઓથોરીટી અને પોલીસ ઓથોરીટી તરફથી અથવા અન્ય ગવર્મેન્ટ ઓથોરીટી તરફથી કોઈ લાઇસન્સ આપવામાં આવેલ હોવાનુ જણાયેલ નથી તેમજ અરજદાર તરફથી તેનાં અનુસંધાને કોઈ અરજી કરેલ ન હોવાથી ઘટાડેલા દરે ઈલેક્ટ્રીસીટી ડ્યુટીનો લાભ આપવામાં આવેલ નથી અને તેથી તેઓના બીલમાં ૨૦% ઈલેક્ટ્રીસીટી ડ્યુટી લેવામાં આવેલ હતી. ત્યારબાદ તેઓ દ્વારા તા.૦૧.૦૭.૨૦૨૨ ના રોજ ફૂડ એન્ડ ડ્રગ્સ કંટ્રોલ એડમિનિસ્ટ્રેશન અને ફૂડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડ ઓથોરીટી ઓફ ઇન્ડિયાનું લાઇસન્સ રજુ કરતા તેઓના વીજબીલમાં જુલાઈ-૨૦૨૨ થી ઈલેક્ટ્રીસીટી ડ્યુટી ૨૦% ના બદલે ૧૫% લેવામાં આવેલ છે. આમ, અરજદારની રજૂઆત મુજબ વીજકરની રકમ રીફંડ આપવા પાત્ર થતી નથી.

૪.૪ પીજીવીસીએલ દ્વારા ઉપરોક્ત બાબતે વીજબીલમાં વીજકર આકરણી અંગેના નીચે મુજબના પરિપત્ર રજુ કરેલ છે.

(૧) પીજીવીસીએલમાં જે તે સમયમાં પ્રર્વતમાન રહેલ જીયુવીએનએલના પરિપત્ર નંબર : જીયુવીએનએલ/કોમ/જીઈઆરસી/ ૧૨૯૨ તા.૧૨.૦૯.૨૦૦૭ ના સંદર્ભિત પત્ર વિદ્યુત શુલ્ક સમાહર્તા કચેરીના પરીપત્ર ક્રમાંક **CEI-D1/PF/ADM/2007/23546 Dtd:05.09.2007** મુજબ શેડ્યુલ-૧ ની આઈટમ-૦૪ માં કરાયેલ જોગવાઈ મુજબ " હોટલ (નિવાસી હોટલ સહીત), રેસ્ટોરા, ઇટીંગ હાઉસ, લોગીંગ બોર્ડીંગ હાઉસ તેમજ ખાવાપીવાની વસ્તુઓ બનાવી સ્થળ પર પીરસતા હોય તેવા એકમોના બધાજ પ્રકારના વીજજોડાણોના કિસ્સામાં (એલ.ટી. હોય કે એચ.ટી.) સમગ્ર વપરાશ માટે વીજ વપરાશના યુનીટના ૨૫% લેખે. ખાવાની અને પીવાની ચીજોનું ઉત્પાદન કરી સ્થળ ઉપર પીરસતા ન હોય તેવા એકમો હવે ઓદ્યોગિક એકમમાં સમાવિષ્ટ થાય છે....".

(૨) હાલમાં પીજીવીસીએલમાં પ્રર્વતમાનમાં રહેલ ઉર્જા અને પેટ્રોકેમીકલસ વિભાગ ગુજરાત રાજ્યના નોટીફીકેશન તા.૩૦.૦૩.૨૦૧૬ થી અમુક ચોક્કસ કેટેગરીમાં (હોટલ / રેસ્ટોરન્ટ અને હોસ્પિટલ) વિદ્યુત શુલ્ક અસરકર્તા તા.૦૧.૦૪.૨૦૧૬ થી નીચે મુજબ રીવાઈઝ કરેલ છે.

- હોટલ / રેસ્ટોરન્ટમાં હેયાત ૨૫% માંથી ૧૫% એચ.ટી.વીજજોડાણ માટે અને ૧૦% એલ.ટી. વીજજોડાણ માટે હોટલ / રેસ્ટોરન્ટ માટેના સક્ષમ અધિકારી દ્વારા પ્રમાણિત કરેલ આધાર-પુરાવાની ચકાસણી / પૂર્તતા થયા બાદ ઘટાડેલ દરે વીજકર આકારણી કરવી.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

(૩) ત્યારબાદ વિદ્યુત શુલ્ક સમાહર્તા કચેરીના પત્ર ક્રમાંક ૨૦૨૦/૭૩૧૩-૩૩ તા.૨૪.૦૪.૨૦૨૦ મુજબ (સુધારા) અધિનિયમ, ૨૦૨૦ થી ગુજરાત વિદ્યુત શુલ્ક અધિનિયમ-૧૯૫૮ના શેડ્યુલ-૧ ના ભાગ-૧ ની આઈટમ-૦૪ હેઠળના રેસીડ્યુઅરી કેટેગરીના ગ્રાહકોને લાગુ વીજકરનો દર ૨૫% થી ઘટાડી ૨૦% કરાયેલ છે જે મુજબ તા.૦૧.૦૪.૨૦૨૦ થી ઉક્ત કેટેગરી હેઠળ આવતા તમામ વીજગ્રાહકોને ઉક્ત સુધારેલ દરે (એટલેકે ૨૦%) વીજકર આકારવા આવે તે સુનિશ્ચિત કરવા જાણ કરેલ છે.

૪.૫ સદર કેઈસમાં, ઉપરોક્ત મુદ્દા નં ૪.૨ થી ૪.૪ ની વિગતોનો અભ્યાસ કરતા સ્પષ્ટ થાય છે કે પીજીવીસીએલ પક્ષકાર દ્વારા અરજદારના સદર એચ.ટી.વીજજોડાણમાં માહે મે-૨૦૧૯ થી માહે મે-૨૦૨૦ સુધી ૨૫% ઇલેક્ટ્રિસીટી ડ્યુટી આકારણી કરેલ છે અને માહે જુન-૨૦૨૦ થી માહે જુન-૨૦૨૨ સુધી ૨૦% ઇલેક્ટ્રિસીટી ડ્યુટી આકારણી કરેલ છે. ત્યારબાદ અરજદાર દ્વારા મુદ્દા નં ૪.૪ (૨) મુજબની વિગતે જરૂરી આધાર પુરાવા તરીકે તા.૦૧.૦૭.૨૦૨૨ ના રોજ ફૂડ એન્ડ ડ્રગ્સ કંટ્રોલ એડમિનિસ્ટ્રેશન અને ફૂડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડ ઓથોરીટી ઓફ ઇન્ડિયાનું લાઇસન્સ રજુ કરતા માહે જુલાઈ-૨૦૨૨ માં ૧૫% ઇલેક્ટ્રિસીટી ડ્યુટી આકારણી કરેલ છે, જે યોગ્ય જણાયેલ છે.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

૪.૬ આમ, ઉપરોક્ત મુદ્દા નં ૪.૫ મુજબની અરજદારની રજૂઆત પ્રમાણે પીજીવીસીએલ પક્ષકાર દ્વારા વીજબીલમાં વીજકરની આકારણીની રકમ રીફંડ મેળવવા અંગેની રજૂઆત **Electricity Duty Act** હેઠળ સ્પર્શતી હોય ફોરમના કાર્યક્ષેત્રમાં આવતી નથી, અરજદાર પાછલા વર્ષોના રીફંડ માટે મુખ્ય વિદ્યુત નિરીક્ષક અને વિદ્યુત શુલ્ક સમાહર્તાની કચેરી ગાંધીનગરને રજૂઆત કરી શકે છે.

૪.૭ આ સાથે અરજદારની અરજી ફેસલ કરવામાં આવે છે.

| | | |
|---|---|---|
| (એન.એચ.જોષી) | (એન.જી.કારીયા) | (એન.સી.મકવાણા) |
| સભ્ય (સ્વતંત્ર) | સભ્ય (ટેકનીકલ) | ચેરપર્સન |